ગુજરાત વિધાનસભા સચિવાલય

ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૬ના દ્વિતીય અધિવેશન
(૫મી સપ્ટેમ્બરથી ૨૮મી સપ્ટેમ્બર)માં થયેલા
કામકાજનો

# ટૂંકો અહેવાલ

*

અમદાવાદ
સરકારી મધ્યસ્થ પ્રેસ
૧૯૬૬

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૬ના દ્વિતીય અધિવેશન (૫મી સપ્ટેમ્બરથી ૨૮મી સપ્ટેમ્બર)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો ઉપર સ્પષ્ટીકરણ આપતી ટૂંકી નોંધો આપેલી છે. શકય હોય ત્યાં આમાંની કેટલીક બાબતો અંગે આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ-૧૬, ૧૪મી ઓકટોબર ૧૯૬૬.

હ. ભ. શુકલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

*With the Compliments of Secretary,*
*Gujarat Legislature Secretariat,*
*Ahmedabad—16.*

---

સચિવ,
ગુજરાત વિધાનસભા સચિવાલય, અમદાવાદ-૧૬.
તરફથી સદર.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાનું ક્રમાંક |
| --- | --- | --- |
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૬ના દ્વિતીય અધિવેશન (૫મી સપ્ટેમ્બરથી : ૮મી સપ્ટેમ્બર)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ, ... | ૧. |
| ૨ | પત્રક ક્રમાંક—૧ સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી ... | ૮. |
| ૩ | પત્રક ક્રમાં.— ,સન ૧૯૬૬ના દ્વિતીય અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ . ... | ૧૨. |
| ૪ | પત્રક ક્રમાંક— સરકારી વિધેયકો .. .. ... ... | ૨૮. |
| ૫ | પત્રક ક્રમાંક—૪,રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો ... ... | ૩૨. |
| ૬ | પત્રક ક્રમાંક—૫ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો ... ... ... ... ... ... | ૩૩. |
| ૭ | પત્રક ક્રમાંક ૬,સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેની પૂરક માગણીઓ ... | ૩૪. |
| ૮ | પત્રક ક્રમાંક—૭,સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેની પૂરક માગણીઓ પર કાપ દરખાસ્તો ... ... ... ... ... | ૩૫. |
| ૯ | પત્રક ક્રમાંક—૮,સન ૧૯૬૩-૬૪ના વર્ષ માટેની રજૂ થયેલી વધારાની માગણીઓ ... ... ... ... .. ... | ૩૬. |
| ૧૦ | પત્રક ક્રમાંક ૯ સન ૧૯૬૩-૬૪ના વર્ષ માટેની વધારાની માગણીઓ પર કાપ દરખાસ્તો ... ... ... ... ... | ૩૭. |
| ૧૧ | પત્રક ક્રમાંક ૧૦,તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ. (આંકડામાં) ... ... ... ... ... | ૩૮. |
| ૧૨ | પત્રક ક્રમાંક—૧૧,તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૩૯. |
| ૧૩ | પત્રક ક્રમાંક—૧૨,અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૪૦. |
| ૧૪ | પત્રક ક્રમાંક—૧૩ બિન-સરકારી સંકલ્પો ... ... ... | ૪૧. |
| ૧૫ | પત્રક ક્રમાંક—૧૪ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૭ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ ... ... ... | ૪૨. |
| ૧૬ | પત્રક ક્રમાંક ૧૫,ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ (ધ્યાન દોરવા બાબત) હેઠળની સૂચનાઓ ... ... ... | ૪૩. |
| ૧૭ | પત્રક ક્રમાંક ૧૬,ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ .. ... ... | ૪૫. |
| ૧૮ | પત્રક ક્રમાંક ૧૭ વિભાજન ... ... ... ... | ૪૬. |


Hb—1008—(i)——375—11—66

## ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૬ના દ્વિતીય અધિવેશન (૫મી સપ્ટેમ્બરથી ૨૮મી સપ્ટેમ્બર)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

### પ્રારંભિક

ગુજરાત વિધાનસભાનું સન ૧૯૬૬નું દ્વિતીય અધિવેશન સોમવાર, તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ વિધાનસભાગૃહ, અમદાવાદમાં શરૂ થયું હતું અને બુધવાર, તા. ૨૮મી સપ્ટેમ્બર ૧૯૬૬ના રોજ સમાપ્ત થયું હતું. આ અધિવેશનમાં વિધાનસભા કુલ ૧૬ દિવસ મળી હતી અને તેમાં ૧૭ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૭૩ કલાક અને ૧૮ મિનિટ કામ કર્યું હતું.

### હાજરી

અધિવેશન દરમિયાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૩૪ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૧૫ હતી. સરેરાશ હાજરી ૧૧૯ હતી. સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી પત્રક ક્રમાંક-૧,૫૧ ૮માં આપેલ છે.

### રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૨.૫૫.૧૨માં આપ્યો છે.

### સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યાવલીમાં ૧૬ વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. તેમાંથી ૧૧ વિધેયકો પસાર થયાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક૩-,૫ .૨૮)

### બિન-સરકારી વિધેયકો

**(૧) રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો**

અધિવેશન દરમ્યાન ૧ બિન-સરકારી વિધેયકની સૂચના મળી હતી અને તે રજૂ કરવામાં આવ્યું હતું. (જુઓ પત્રક ક્રમાંક-૪૫૫.૩૨)

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો**

પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટે ૨ બિન-સરકારી વિધેયકો હતાં. તેમાંથી ૧ વિધેયક પસાર કરવામાં આવ્યું હતું અને ૧ વિધેયક ગૃહની મંજૂરીથી પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. (જુઓ પત્રક ક્રમાંક-૫૫૫.૩૩).

### નાણાકીય કામકાજ

સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક માનનીય નાણાં મંત્રીશ્રીએ તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ સભાગૃહમાં રજૂ કર્યું હતું. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન તા. ૧૨ અને ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ કરવામાં આવ્યાં હતાં. કુલ ૨૮ પૂરક માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી, જેમાંથી ૭ પૂરક માગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બધી પૂરક માગણીઓ સભાગૃહે મંજૂર કરી હતી. (જુઓ પત્રક

ક્રમાંક-૬ પા. ૩૪) પૂરક માગણીઓ પર કુલ ૧૨ કાપ દરખાસ્તની સૂચનાઓ આવી હતી. તેમાંથી ૯ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી કાપદરખાસ્તોમાંથી ૩ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી હતી, જે મત માટે મૂકાતાં નામંજૂર કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૭ પા. ૩૫)

તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ સુધી આકસ્મિક ખર્ચ નિધિમાંથી મંજૂર થયેલી અને જેને માટેની પૂરક માગણીઓનો સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેના પૂરક પત્રકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી, તેવી પેશગીઓ દર્શાવતું વિવરણપત્રક માનનીય નાણાં મંત્રીશ્રીએ તા. ૭મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ સભાગૃહના મેજ પર મૂક્યું હતું.

તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ માનનીય નાણાં મંત્રીશ્રીએ સન ૧૯૬૩-૬૪ના વર્ષ માટેના વધારાના ખર્ચનું વિવરણ પત્રક રજૂ કર્યું હતું. વધારાની માગણીઓ પર ચર્ચા અને મતદાન તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ કરવામાં આવ્યાં હતાં. કુલ ૧૨ વધારાની માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરાવમાં આવી હતી, જે બધી સભાગૃહ મંજૂર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૮ પા. ૩૬) આ વધારાની માગણીઓ પર કુલ ૪ કાપ દરખાસ્તની સૂચનાઓ આવી હતી, જેમાંથી ૨ કાપદરખાસ્તની સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. આ બન્ને સૂચનાઓ ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. પરંતુ ચર્ચા બાદ સભાગૃહની મંજૂરીથી તે પાછી ખેંચી લેવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૯ પા. ૩૭)

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

આ સત્ર દરમ્યાન ૮૩૨ તારાંકિત પ્રશ્નો, ૮૦ અતારાંકિત પ્રશ્નો અને ૭૧ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની ખાતાવાર માહિતી આ સાથેના પત્રકો ક્રમાંક, ૧૦, પા. ૩૮, ૧૧, પા. ૩૯ ૧૨ પા. ૪૦માં આપવામાં આવી છે.

### અર્ધા કલાકની ચર્ચા

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૨ અન્વયે, સભાગૃહમાં પ્રશ્નોના આપાયેલા ઉત્તરોમાંથી ઉભી થતી જાહેર અગત્યની બાબત ઉપર અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની ૨ સૂચનાઓ મળી હતી અને તે નામંજર કરવામાં આવી હતી.

### બિન-સરકારી સંકલ્પો

આ સત્રમાં બિન-સરકારી સંકલ્પો તા. ૭મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ ચર્ચા માટે લેવામાં આવ્યા હતા.

બિન-સરકારી સંકલ્પોની બધી મળીને કુલ ૧૦૯ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૯૦ સૂચનાઓ અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૩ પા. ૪૧)

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ હેઠળનો મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતો પ્રસ્તાવ

સત્ર દરમ્યાન વિ. સ. સ. શ્રી બિપીનચંદ્ર મ. ભટ્ટે વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ હેઠળ મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવને ગૃહે તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ અનુમતિ આપી હતી. આ પ્રસ્તાવ ઉપર તા. ૧૯ અને ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ ચર્ચા થઈ હતી.

આ બે દિવસની ચર્ચા દરમ્યાન કુલ ૩૩ સભ્યોએ (મંત્રીશ્રીઓ સહિત) ભાગ લીધો હતો. તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ ચર્ચા પૂરી થતાં આ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં નામંજૂર થયો હતો.

## સભા મોકૂફીના પ્રસ્તાવો

સત્ર દરમ્યાન સભા મોકૂફીના પ્રસ્તાવોની ૨ સૂચનાઓ આવી હતી, જેને અધ્યક્ષશ્રીએ સંમતિ આપી ન હતી.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ (ટૂંક સમયની ચર્ચા)હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ ટૂંક સમયની ચર્ચા ઉભી કરવા માટે કુલ ૨૯ સૂચનાઓ આવી હતી. આમાંથી ૭ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી તમામ સૂચનાઓ ગૃહમાં ચર્ચવામાં આવી હતી. દાખલ ન કરવામાં આવેલી સૂચનાઓ પૈકી એક સૂચનાને નિયમ ૧૧૬ (ધ્યાન દોરવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૪, પા.૪૨)

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમો ૧૧૬ (ધ્યાન દોરવા બાબત)હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન દોરવા બાબતની કુલ ૩૦ સૂચનાઓ આવી હતી. આમાં નિયમ ૧૧૨ હેઠળ ટૂંક સમયની ચર્ચા માટે આવેલી પરંતુ નિયમ ૧૧૬ ધ્યાન દોરવા બાબત હેઠળ દાખલ કરેલી એક સૂચનાનો સમાવેશ થઈ જાય છે. કુલ ૧૪ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી તમામ સૂચનાઓ અંગે લાગતાવળગતા મંત્રીશ્રીઓએ નિવેદન કર્યા હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૧૫પા.૪૩)

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવોની કુલ ૪ સૂચનાઓ આવી હતી. આ ચારે સૂચનાઓને અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હતી. વિધાનસભાના નિયમ ૧૦૪(૪)ની જોગવાઈ અનુસાર એક કરતાં વધારે પ્રસ્તાવ પર ચર્ચા થઈ શકે તેમ ન હોવાથી, દાખલ કરવામાં આવેલાપ્રસ્તાવો પૈકી કયો પ્રસ્તાવ ચર્ચા માટે લેવો તે નકકી કરવા માટે તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ બેલટ યોજવામાં આવ્યો હતો. આ બેલેટમાં વિ. સ. સ. શ્રી ગોંસાઈભાઈ છી. પટેલનો માધ્યમિક તેમ જ ઉચ્ચ શિક્ષણમાંફી માફીનું હાલનું ધોરણ વધુ વિસ્તૃત કરવા બાબતનો પ્રસ્તાવ આવ્યો હતો, જેના પર તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ ગૃહમાં ચર્ચા થઈ હતી. આ પ્રસ્તાવની ચર્ચા માટે સવા કલાકનો સમય ફાળવવામાં આવ્યો હતો.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ (બીજા પ્રસ્તાવો) હેઠળ કુલ ૩ સૂચનાઓ આવી હતી. આ ત્રણે સૂચનાઓને અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હતી. આ ત્રણેય સૂચનાઓ સભાગૃહમાં ચર્ચા માટે લેવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૬)

## સમિતિઓની બેઠકો

અધિવેશન દરમ્યાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો થઇ હતી.:—

૧. કામકાજ સલાહકાર સમિતિ.
૨. બિન-સરકારી સભ્યો ાં કામકાજ માટેની સમિતિ.
૩. જાહેર હિસાબ સમિતિ.
૪. વિશેષાધિકાર સમિતિ.
૫. સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ.
૬. ગ્રંથાલય સમિતિ.

## વિશેષાધિકાર ભંગના પ્રશ્નો

૧. વિ. સ. સ. યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ, રાજકોટ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીએ તેઓએ માંગેલી માહિતી આપવાનો ઈન્કાર કર્યાથી ઉપસ્થિત કરેલ વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન અધ્યક્ષશ્રીએ તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ વિશેષાધિકાર સમિતિને સોંપ્યો હતો.

૨. તા. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના "જનસત્તા" માં પ્રસિધ્ધ થયેલ વિ. સ. સ. શ્રી શંકરભાઈ દે. પટેલે તેમને મળેલા હોદ્દાની રૂએ પ્રાયોરીટીથી મળેલા સ્કુટર અને જીપના કાળાબજારમાં કરેલા કહેવાતા વેચાણ બાબતના અહેવાલ ઉપરથી તા. ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ વિ. સ. સ. શ્રી રમણલાલ ના. પટેલને વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરવાની સભાગૃહે પરવાનગી આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ સંબંધિત પત્રના તંત્રીનો ખુલાસો મંગાવ્યો હતો અને તે અંગે તંત્રીએ દિલગીરી વ્યકત કરતાં તે બાબત કંઇ પગલાં લેવા જરૂરી નથી તેવી અધ્યક્ષશ્રીએ તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ સભાગૃહમાં જાહેરાત કરી હતી.

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો વગેરે

અધિવેશન દરમ્યાન નીચે જણાવેલા અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા/અને ચર્ચાયા હતા.

| અનુ-ક્રમાંક | વિષય | રજૂ કર્યાની તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કામકાજ સલાહકાર સમિતિના અહેવાલો. | (૧) ૫—૯-૬૬<br>(૨) ૧૩—૯-૬૬<br>(૩) ૧૫—૯-૬૬<br>(૪) ૨૨—૯-૬૬ | |
| ૨ | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલો. | (૧) એકત્રીસમો અહેવાલ ૭-૯-૬૬<br>(૨) બત્રીસમો અહેવાલ ૨૨-૯-૬૬ | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૩ | ગુજરાત વિદ્યુત મંડળના સન ૧૯૬૪-૬૫ના હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૨૦-૭-૬૬ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ પર મૂકયા તા. ૫-૯-૬૬) | |
| ૪ | ગુજરાત રાજ્ય નાણાકીય કોરપોરેશનના સન ૧૯૬૪-૬૫ના હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૯-૮-૬૬ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ પર મૂકયા તા. ૫-૯-૬૬ ) | |
| ૫ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનના સન ૧૯૬૪-૬૫ના હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૧૭-૮-૬૬ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ પર મૂકયા તા. ૫-૯-૬૬) | |
| ૬ | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરે-શનના સન ૧૯૬૪-૬૫ના વાર્ષિક હિસાબો અને અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૨૩-૮-૬૬ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ પર મૂકયા તા. ૫-૯-૬૬) | |
| ૭ | ગુજરાત ગૃહ નિર્માણ મંડળના સન ૧૯૬૪-૬૫-ના હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૨૪-૮-૬૬ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ પર મૂકયા તારીખ ૬-૯-૬૬) | |
| ૮ | ગુજરાત રાજ્ય નાણાકીય કોરપોરેશનનો સન ૧૯૬૫-૬૬નો વહીવટી અહેવાલ. | ૨૯-૮-૬૬ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ ઉપર મૂકયા તારીખ ૬-૯-૬૬) | |
| ૯ | ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૩-૬૪નો અહેવાલ અને કમિશનની સલાહ જે કિસ્સાઓમાં સ્વીકારવામાં આવી નથી તે કિસ્સા-ઓમાં તે ન સ્વીકારવાના કારણો દર્શાવતી યાદી. | | ૬---૯-૬૬ |
| ૧૦ | ગુજરાત તકેદારી પંચનો સન ૧૯૬૪-૬૫નો અહેવાલ તથા પંચની સલાહના સ્વીકાર બાબતની યાદી. | | ૬---૯-૬૬ |
| ૧૧ | પરિસિમન પંચનો તા. ૨૨-૩-૬૬નો આદેશ ક્રમાંક ૬, | ૧૨-૫-૬૬ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ ઉપર મૂકયા તા. ૭-૯-૬૬) | |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| ૧૨ | પરિસિમન પંચના તા. ૨૨-૩-૬૬ના આદેશ ક્રમાંક-૬માં સુધારા કરતા તા. ૧૬-૭-૬૬ અને તા. ૧૦-૮-૬૬ના અનુક્રમે આદેશ ક્રમાંક ૬-અ અને ૬-બ. | ૭--૯--૬૬ | |
| ૧૩ | ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૫-૬૬નું પૂરક વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક (અંદાજ) અને સન ૧૯૬૬-૬૭નું વાર્ષિક નાણાંકીય વિવરણ પત્રક (અંદાજ). | | ૧૫---૯-૬૬ |
| ૧૪ | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશનનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ. | | ૧૫-૯-૬૬ |
| ૧૫ | અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના કમિશનરનો સન ૧૯૬૨-૬૩નો બારમો અહેવાલ. | ૧૬---૯-૬૬ | |
| ૧૬ | ગુજરાત ગૃહ-નિર્માણ મંડળનો સન ૧૯૬૫-૬૬નો વાર્ષિક વહીવટી અહેવાલ. | ૧૯---૯-૬૬ | |
| ૧૭ | ગૌણ વિધાન સમિતિનો ચોથો અહેવાલ. | ૨૦---૯-૬૬ | |
| ૧૮ | સૌરાષ્ટ્ર વિદ્યુત મંડળના સન ૧૯૫૬-૫૭ હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૨૨-૯-૬૬ | |
| ૧૯ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનનો સન ૧૯૬૫-૬૬નો વહીવટી અહેવાલ. | ૨૩--૯--૬૬ | |
| ૨૦ | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનું સન ૧૯૬૪-૬૫નું કામકાજ. | | ૨૩--૯-૬૬ |
| ૨૧ | ગુજરાત રાજ્ય ફર્ટિલાઈઝર્સ કંપનીના સન ૧૯૬૫-૬૬ના વાર્ષિક હિસાબ અને અહેવાલ. | ૨૭--૯-૬૬ | |
| ૨૨ | અંદાજ સમિતિનો તેરમો અહેવાલ. | ૫--૯-૬૬ | ૧૪--૯-૬૬ |
| ૨૩ | જાહેર હિસાબ સમિતિનો અહેવાલ. | ૧૩--૯-૬૬ | ૧૬--૯--૬૬ |
| ૨૪ | ખાતરી સમિતિનો નવમો અહેવાલ. | ૧૪--૯-૬૬ | — |

## શોકદર્શક ઉલ્લેખ

બૃહદ્ મુંબઈ રાજ્યના તેમ જ ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સભ્ય શ્રીમતી શાંતાબેન કાળીદાસ પટેલના અવસાન અંગે તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ સભાગૃહમાં અંજલિ આપ્યા બાદ સભાગૃહના સભ્યોએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું હતું.

## વિભાજન

અધિવેશન દરમિયાન કુલ ૬ વખત વિભાજનની માગણી કરવામાં આવી હતી. જુઓ પત્રક ક્રમાંક-૧૭ પા. ૪૬ )

## વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો ...

| | | |
|---|---|---|
| (ક) | પ્રેક્ષકો માટેની દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો | ૨૩૫૦ |
| (ખ) | ૪૬ સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા ... | ૩૮૯૮ |
| (ગ) | અધ્યક્ષશ્રી દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા ... | ૧૪૭૮ |
| (ઘ) | અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો ... | ૨૦૫ |
| | કુલ ... | ૭૯૩૧ |

## પત્રક ક્રમાંક—૧

### સભ્યશ્રીઓએ આપેલી હાજરી બતાવતું પત્રક

| ક્રમાંક | સભ્યશ્રીનું નામ | કુલ હાજરી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | અદાણી, શ્રી રતુભાઈ મૂળશંકર ... ... | ૧૦ |
| ૨. | અમીન, શ્રી ચીમનભાઈ હરિભાઈ ... ... | ૧૬ |
| ૩. | અમીન, શ્રી વિઠ્ઠલભાઈ પરસોત્તમ ... ... | ૧૬ |
| ૪. | આર્ય, શ્રી નાગજીભાઈ ગોવિંદભાઈ ... ... | ૧૬ |
| ૫. | ઉનીઆ, શ્રી સુલેમાન યુસુફ ... ... | ૧૬ |
| ૬. | ઓડેદરા, શ્રી માલદેવજી મંડલીકજી ... | મંત્રીશ્રી |
| ૭. | કક્કડ, શ્રી પોપટલાલ ડાહ્યાભાઈ ... ... | ૯ |
| ૮. | કપાસી, શ્રીમતી જૈતુન અહમદઅલી ... ... | ૧૪ |
| ૯. | કણસાગરા, શ્રી જીણા દેવરાજ ... ... | ૧૫ |
| ૧૦. | કાનાણી, શ્રી હરિદાસ જમનાદાસ ... ... | ૯ |
| ૧૧. | કાશીવાલા, શ્રી મણીલાલ મંગલજી ... ... | ૧૬ |
| ૧૨. | કુમાર, શ્રી છનાભાઈ ગુરીઆભાઈ ... ... | ૧૬ |
| ૧૩. | કોન્ટ્રાકટર, શ્રી ભાઈલાલભાઈ ગરબડદાસ ... | ૧૬ |
| ૧૪. | કોઠારી, શ્રી હરિરામ નથુભાઈ ... ... | ૧૦ |
| ૧૫. | ગોંદીઆ, શ્રી બદીયાભાઈ મુળજીભાઈ ... ... | ૧૫ |
| ૧૬. | ચાવડા, શ્રી મનહરલાલ અમરાભાઈ ... ... | ૧૪ |
| ૧૭. | ચૌધરી, શ્રી પૃથ્વીરાજ ગાંગજીભાઈ ... ... | ૧૬ |
| ૧૮. | ચૌધરી, શ્રી રામજીભાઈ રાજીઆભાઈ ... ... | ૧૫ |
| ૧૯. | ચૌધરી, શ્રી રામજીભાઈ રૂપાભાઈ ... ... | ૧૬ |
| ૨૦. | ચૌહાણ, શ્રી પુરૂષોત્તમ લાલજીભાઈ ... ... | ૧૪ |
| ૨૧. | ચૌહાણ, શ્રી વિજયસિંહજી ભરતસિંહજી ... | ૧૬ |
| ૨૨. | છીપા, શ્રી કરીમજી રહેમાનજી ... ... | સંસદીય સચિવશ્રી |
| ૨૩. | જમીનદાર, શ્રી ફઝલેઅબ્બાસ તૈયબઅલી ... | ૧૬ |
| ૨૪. | જાડેજા, શ્રી માધવસિંહજી મોકાજી ... ... | ૧૬ |
| ૨૫. | જાદવ, શ્રી રામુભાઈ બાલુભાઈ ... ... | ૧૫ |
| ૨૬. | જોષી, શ્રી કનૈયાલાલ યશવંતરાય ... | ૧૬ |
| ૨૭. | ઠાકર, શ્રી મુલજી પરસોત્તમ ... ... | ૧૬ |
| ૨૮. | ઠાકરીયા, શ્રી સતુભાઈ દેવુભાઈ ... ... | ૧૬ |
| ૨૯. | ઠાકોર, શ્રી કિરિટસિંહ અમરસિંહ ... ... | ૧૫ |
| ૩૦. | ઠાકોર, શ્રી જુવાનસિંહ અમરસિંહ ... ... | ૧૬ |
| ૩૧. | ઠાકોર, શ્રી શંકરજી મગનજી ... ... | ૧૩ |
| ૩૨. | ડાભી, શ્રી માલજીભાઈ સગરામભાઈ ... ... | ૧૬ |
| ૩૩. | તડવી, શ્રી ભાઈજીભાઈ ગરબડભાઈ ... ... | ૧૬ |
| ૩૪. | તારાચંદાણી, શ્રી વિરૂમલ ખુશાલદાસ ... ... | ૧૬ |
| ૩૫. | ત્રિવેદી, શ્રી ગણપતલાલ જેઠાલાલ ... ... | ૧૬ |

| ૧ | ૨ | | ૩ |
|---|---|---|---|
| ૩૬. | ત્રિવેદી, શ્રી વિજયકુમાર માધવલાલ ... | ... | મંત્રીશ્રી |
| ૩૭. | દવે, શ્રી ત્ર્યંબકલાલ મોહનલાલ ... | ... | ૯ |
| ૩૮. | દવે, શ્રીમતી મંજુલાબેન જયંતિલાલ ... | ... | ૪ |
| ૩૯. | દેસાઈ, શ્રીમતી અરૂણા શંકરપ્રસાદ ... | ... | ૧૦ |
| ૪૦. | દેસાઈ, શ્રી ઈશ્વરલાલ ગુલાબભાઈ ... | ... | ૧૫ |
| ૪૧. | દેસાઈ, શ્રી દેવેન્દ્રભાઈ મોતીભાઈ ... | ... | મંત્રીશ્રી |
| ૪૨. | દેસાઈ, શ્રી મનમોહનદાસ ભગવાનદાસ | ... | ૧૫ |
| ૪૩. | દેસાઈ, શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ ... | ... | મુખ્ય મંત્રીશ્રી |
| ૪૪. | ઘોળકીયા, શ્રી ગુલાબશંકર અમ્રતલાલ ... | ... | ૧૬ |
| ૪૫. | નકુમ, શ્રી હરિલાલ રામજી ... | ... | ૫ |
| ૪૬. | નાગોરી, શ્રીમતી મદીનાબેન અકબરભાઈ | ... | ૧૬ |
| ૪૭. | નાણાવટી, શ્રી દિવ્યકાન્ત કુંદનલાલ ... | ... | ૧૧ |
| ૪૮. | નાયક, શ્રી માનસિંહ વેચાતભાઈ | ... | ૧૬ |
| ૪૯. | નીનામા, શ્રીમતી હીરાબેન લાલચંદભાઈ | ... | ૧૫ |
| ૫૦. | પટેલ, શ્રી અંબાલાલ મોહનલાલ ... | ... | ૧૬ |
| ૫૧. | પટેલ, શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ ... | ... | ૧૬ |
| ૫૨. | પટેલ, શ્રી કાન્તીલાલ કેશવલાલ ... | ... | ૬ |
| ૫૩. | પટેલ, શ્રી ગુલાબભાઈ ભુલાભાઈ ... | ... | ૧૦ |
| ૫૪. | પટેલ, શ્રી ગોવિંદભાઈ કેશવજી ... | ... | ૧૪ |
| ૫૫. | પટેલ, શ્રી ગોંસાઈભાઈ છીબાભાઈ ... | ... | ૧૫ |
| ૫૬. | પટેલ, શ્રી ચીમનલાલ જીભાઈ ... | ... | ૧૬ |
| ૫૭. | પટેલ, શ્રી છોટાભાઈ જીવાભાઈ ... | ... | ૧૬ |
| ૫૮. | પટેલ, શ્રી જયરામ આણંદ ... | ... | મંત્રીશ્રી |
| ૫૯. | પટેલ, શ્રી જશભાઈ ચુનીભાઈ ... | ... | ૧૫ |
| ૬૦. | પટેલ, શ્રી દોલજીભાઈ ગણેશભાઈ ... | ... | ૧૬ |
| ૬૧. | પટેલ, શ્રી નટવરલાલ અમૃતલાલ ... | ... | ૧૬ |
| ૬૨. | પટેલ, શ્રી નટવરલાલ મગનલાલ ... | ... | ૧૪ |
| ૬૩. | પટેલ, શ્રી નાનજી દેવજી ... | ... | ૧૧ |
| ૬૪. | પટેલ, શ્રી નારણભાઈ કાલિદાસ ... | ... | ૧૫ |
| ૬૫. | પટેલ, શ્રી પ્રહલાદજી હરગોવિંદદાસ ... | ... | ૧૬ |
| ૬૬. | પટેલ, શ્રી બહાદુરભાઈ કુંથાભાઈ ... | ... | મંત્રીશ્રી |
| ૬૭. | પટેલ, શ્રી બાબુલાલ શીવરામ ... | ... | ૧૬ |
| ૬૮. | પટેલ, શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ ... | ... | ૧૫ |
| ૬૯. | પટેલ, શ્રી ભાણજી ભીમજી ... | ... | ૯ |
| ૭૦. | પટેલ, શ્રીમતી ભાનુબેન મનુભાઈ ... | ... | ૧ |
| ૭૧. | પટેલ, શ્રી ભીમજીભાઈ જગન્નાથભાઈ | ... | ૧૬ |
| ૭૨. | પટેલ, શ્રી ભુલાભાઈ મીઠુલભાઈ ... | ... | ૧૬ |
| ૭૩. | પટેલ, શ્રી મગનભાઈ વાંસજીભાઈ ... | ... | ૧૬ |

Hb—1008—(2)—375—11—66

| ૧ | ૨ | | ૩ |
|---|---|---|---|
| ૭૪. | પટેલ, શ્રી મનુભાઈ મોતીભાઈ | ... ... | ૧૩ |
| ૭૫. | પટેલ, શ્રી મંગુભાઈ માધાભાઈ | ... ... | ૧૬ |
| ૭૬. | પટેલ, શ્રી રતિભાઈ ઉકાભાઈ | ... ... | ૧૫ |
| ૭૭. | પટેલ, શ્રી રમણલાલ આશાભાઈ | ... ... | ૪ |
| ૭૮. | પટેલ, શ્રી રમણભાઈ નાગજીભાઈ | ... ... | ૧૬ |
| ૭૯. | પટેલ, શ્રી વલ્લભભાઈ ભીમજી | ... ... | ૧૬ |
| ૮૦. | પટેલ, શ્રી વિનોદચંદ્ર જેઠાલાલ | ... ... | ૨ |
| ૮૧. | પટેલ, શ્રી શંકરભાઈ દેવજીભાઈ | ... ... | ૧૫ |
| ૮૨. | પટેલ, શ્રી શામળભાઈ લલ્લુભાઈ | ... ... | ૧૬ |
| ૮૩. | પટેલ, શ્રીમતી શાંતાબેન ભોળાભાઈ | ... ... | ૧૬ |
| ૮૪. | પટેલ, શ્રી શાંતિલાલ ત્રિકમલાલ | ... ... | ૧૬ |
| ૮૫. | પટેલ, શ્રી શાંનુભાઈ ચુનીભાઈ | ... ... | ૧૬ |
| ૮૬. | પરમાર, શ્રી ગોકળભાઈ ડોસાભાઈ | ... ... | ૧૪ |
| ૮૭. | પરમાર, શ્રી જેસીંગભાઈ ગોવિંદભાઈ | ... ... | ૧૬ |
| ૮૮. | પરમાર, શ્રી પર્વતસિંહ ઘમીરભાઈ | ... ... | ૧૬ |
| ૮૯. | પરમાર, શ્રી પેથાભાઈ ગણેશભાઈ | ... ... | ૧૬ |
| ૯૦. | પરમાર, શ્રી શનાભાઈ ધુળાભાઈ | ... ... | ૧૬ |
| ૯૧. | પરમાર, શ્રી હીરાભાઈ સામાભાઈ | ... ... | ૧૫ |
| ૯૨. | પરીખ, શ્રી ઉત્સવભાઈ શંકરભાઈ | ... ... | મંત્રીશ્રી |
| ૯૩. | પરીખ, શ્રી પરસોત્તમદાસ રણછોડભાઈ | ... ... | ૧૬ |
| ૯૪. | પરીખ, શ્રી રસિકલાલ ઉમેદચંદ | ... ... | ૭ |
| ૯૫. | પંડયા, શ્રી જટાશંકર દલસુખરામ | ... ... | ૧૫ |
| ૯૬. | પંડયા, ડૉ. ભાનુપ્રસાદ વાલજીભાઈ | ... ... | મંત્રીશ્રી |
| ૯૭. | પંડયા, શ્રી મંગલદાસ ઉત્તમરામ | ... ... | ૧૬ |
| ૯૮. | પંડિત, શ્રી કમળાશંકર મુલજીરામ | ... ... | ૧૬ |
| ૯૯. | પાણેરી, શ્રી નરભેશંકર નાનજીભાઈ | ... ... | ૧૬ |
| ૧૦૦. | પાલખીવાલા, શ્રી મનુભાઈ હરિલાલ | ... ... | ૧૬ |
| ૧૦૧. | પાલેજવાલા, શ્રી ફતેહઅલી હુસેનુદ્દીન | ... | માન. અધ્યક્ષશ્રી |
| ૧૦૨. | પોપટ, શ્રી નારણદાસ પીતાંબર | ... ... | ૧૬ |
| ૧૦૩. | પોરાણીઆ, શ્રી દેવકરણ જીવણલાલ | ... ... | ૧૩ |
| ૧૦૪. | બન્નુ, શ્રી બદરૂદ્દીન અકબરઅલી | ... ... | ૧૫ |
| ૧૦૫. | ભટ્ટ, શ્રી ઉર્મિલાબેન પ્રેમશંકર | ... ... | મંત્રીશ્રી |
| ૧૦૬. | ભટ્ટ, શ્રી ચંદ્રશંકર મણીશંકર | ... ... | ૧૫ |
| ૧૦૭. | ભટ્ટ, શ્રી બિપીનચંદ્ર મહાશંકર | ... ... | ૧૫ |
| ૧૦૮. | ભટ્ટ, શ્રીમતી સુમિત્રાબેન હરિપ્રસાદ | ... ... | ૧૪ |
| ૧૦૯. | ભાટિયા, શ્રી રામુભાઈ જેઠાભાઈ | ... ... | ૧૬ |
| ૧૧૦. | ભાંભી, શ્રી ગોવિંદભાઈ માનાભાઈ | ... ... | ૧૩ |
| ૧૧૧. | ભાભોર, શ્રી વિરસિંગભાઈ જ્યોતિભાઈ | ... ... | ૧૬ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૧૨. | મકવાણા, શ્રી શંકરદાસ રામદાસ ... ... | ૧૬ |
| ૧૧૩. | મકવાણા, શ્રીમતી શાંતાબેન યોગેન્દ્રકુમાર ... | ૧૬ |
| ૧૧૪. | મજમુદાર, શ્રીમતી સુવાસબેન અરવિંદભાઈ ... | ૧૬ |
| ૧૧૫. | મણિયાર, શ્રી રમણિકલાલ ત્રિકમલાલ ... ... | ૧૬ |
| ૧૧૬. | મહારાજકુમાર, શ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ ... | ૮ |
| ૧૧૭. | મહારાવલ જયદિપસિંગ ... ... | ૭ |
| ૧૧૮. | મહેતા, શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ ... ... | ૧૫ |
| ૧૧૯. | મહેતા, શ્રી છોટાલાલ ત્રિભોવનદાસ ... ... | ૧૨ |
| ૧૨૦. | મહેતા, શ્રી વાડીલાલ પ્રેમચંદ ... ... | ૧૬ |
| ૧૨૧. | મોરબીઆ, શ્રી જાદવજી રાઘવજી ... | ૧૬ |
| ૧૨૨. | યુવરાજશ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી ... | ૧૪ |
| ૧૨૩. | યુવરાજશ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા | ૧૫ |
| ૧૨૪. | રજવાડી, શ્રી હિંમતભાઈ મથુર ... ... | ૧૬ |
| ૧૨૫. | રહેવર, શ્રી લાલુસિંહ કિશોરસિંહ ... ... | ૧૫ |
| ૧૨૬. | રાઠોડ, શ્રીમતી ડાહીબેન ભુલાભાઈ ... ... | ૧૫ |
| ૧૨૭. | રાણા, શ્રી માનસિંહજી ભાસાહેબ ... ... | ૧૬ |
| ૧૨૮. | રાવલ, શ્રી ગંગારામ ચુનીલાલ ... ... | ૧૬ |
| ૧૨૯. | પટેલ, શ્રી ઠાકરશી ધનજી ... ... | ૧૫ |
| ૧૩૦. | લેઉઆ, શ્રી પ્રેમજી થોભણ ... ... | ૮ |
| ૧૩૧. | વઢોદીઆ, શ્રી ઉદેસિંહ વિરસિંહ ... ... | ૧૬ |
| ૧૩૨. | વસાવા, શ્રી ચંદુલાલ નરોત્તમભાઈ ... ... | ૧૬ |
| ૧૩૩. | વસાવા, શ્રી દેવજીભાઈ રામજીભાઈ ... ... | ૧૬ |
| ૧૩૪. | વસાવા, શ્રીમતી ધનુબેન દલપતભાઈ ... ... | ૧૬ |
| ૧૩૫. | વાઘેલા, શ્રી ગુમાનસિંહજી વીરમસિંહજી ... | ૧૩ |
| ૧૩૬. | વૈદ્ય, શ્રી બાબુભાઈ પ્રાણજીવન ... ... | ૧૬ |
| ૧૩૭. | વ્યાસ, શ્રી મોહનલાલ પોપટલાલ ... ... | મંત્રીશ્રી |
| ૧૩૮. | શાસ્ત્રી, શ્રી રણજીતરાય ગંગાશંકર ... ... | ૧૫ |
| ૧૩૯. | શાહ, શ્રી પ્રતાપ ય તારાચંદ ... ... | ૧૫ |
| ૧૪૦. | શાહ, શ્રી બાબુલાલ મોહનલાલ ... ... | ૧૬ |
| ૧૪૧. | શાહ, શ્રી રમણલાલ પ્રભુદાસ ... ... | ૧૨ |
| ૧૪૨. | શાહ, શ્રી વજુભાઈ મણિલાલ ... ... | મંત્રીશ્રી |
| ૧૪૩. | શાહ, શ્રીમતી વસંતપ્રભા જયસુખલાલ ... | ૧૫ |
| ૧૪૪. | શાહ, શ્રી સુરજમલ માવજીભાઈ ... ... | ૧૪ |
| ૧૪૫. | શુકલ, શ્રી લાભશંકર મગનલાલ ... ... | ૧૩ |
| ૧૪૬. | શેઠ, શ્રીમતી ઈન્દુમતી ચીમનલાલ ... ... | મંત્રીશ્રી |
| ૧૪૭. | શેઠ, શ્રી લલ્લુભાઈ મોતીચંદ ... ... | ૧૩ |
| ૧૪૮. | સોલંકી, શ્રી માધવસિંહ ફુલસિંહ ... ... | મંત્રીશ્રી |
| ૧૪૯. | સોલંકી, શ્રી હમીરસિંહજી જયસિંહજી ... ... | ૧૬ |
| ૧૫૦. | હઠીલા, શ્રી ટીટાભાઈ મેઘજીભાઈ ... ... | ૧૩ |

પત્રક ક્રમાંક ૨

## સન ૧૯૬૬ના બીજા અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ

### સોમવાર, તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬

૧. પહેલી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૪૫૬૬, ૧૪૫૯૭, ૧૪૬૪૧, ૧૪૬૮૬, ૧૪૮૬૬, ૧૪૮૧૩, ૧૪૮૫૯, ૧૪૪૨૮, ૧૪૯૫૯, ૧૪૮૧૮, ૧૪૩૩૦, ૧૪૫૬૯, ૧૪૬૨૭, ૧૪૬૯૮, ૧૪૬૬૩, ૧૪૧૫૯ તેમજ ૧૪૭૧૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૪૭૩૦, ૧૪૭૬૩, ૧૪૮૨૨ તેમજ ૧૪૯૧૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૪૫૬૮ મુલતવી રાખવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક ૧૪૬૮૦નો અંશતઃ જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમ કના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો :—

૧૪૧૭૦, ૧૪૩૫૦, ૧૪૫૦૭, ૧૪૫૯૧, ૧૪૬૧૬, ૧૪૬૨૨, ૧૪૬૫૭, ૧૪૭૦૧, ૧૪૭૮૨, ૧૪૭૮૫, ૧૪૭૮૮, ૧૪૭૯૬, ૧૪૭૯૯, ૧૪૮૦૬, ૧૪૮૨૪, ૧૪૮૨૬, ૧૪૮૨૯, ૧૪૮૩૩, ૧૪૮૫૭, ૧૪૯૦૪, ૧૪૯૩૬, ૧૪૯૪૭, ૧૪૯૭૬, ૧૪૯૭૮, ૧૫૦૦૧, ૧૫૦૦૮, ૧૫૬૨૧, ૧૫૦૩૮, ૧૫૦૩૯ તેમજ ૧૫૦૪૧.

૨. વિધાનસભાના માજી સભ્ય, શ્રીમતી શાંતાબેન કાળીદાસ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સદ્‌ગતને સ્મરણાંજલિ આપવામાં આવી.

૩. વિ. સ. સ. શ્રી છબીલદાસ મહેતાએ નિયમ ૧૧૬ અન્વયે, ભારત સરકારે રૂપિયાનું અવમૂલ્યન કર્યાને પરિણામે રાજ્યની વિકાસ યોજનાઓ પર પડેલી અસર તથા બિન-ઉત્પાદક ખર્ચમાં ઘટાડો કરવા રાજ્ય સરકારે લીધેલાં પગલાં તરફ મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્ય મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૪. સચિવશ્રીએ રાષ્ટ્રપતિની અનુમતિ મળી હતી તેવાં ત્રણ વિધેયકોનાં અને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેવાં ૫ વિધેયકોનાં નામ વાંચી સંભળાવ્યાં.

૫. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી ચંદ્રશંકર ભટ્ટે અંદાજ સમિતિનો તેરમો અહેવાલ રજૂ કર્યો.

૬. નાણામંત્રીશ્રીએ સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત કરી. અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત સાદર કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો.

૭. નાણાં મંત્રીશ્રીએ સન ૧૯૬૩-૬૪ના વર્ષ માટેના વધારાના ખર્ચના વિવરણ પત્રકની રજૂઆત કરી. અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત સાદર કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો.

૮. વિદ્યુત મંત્રીશ્રીએ ગુજરાત વિદ્યુત મંડળના સન ૧૯૬૪-૬૫ના હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૯. ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનના સન ૧૯૬૪-૬૫ના હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૧૦. ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય નાણાકીય કોરપોરેશનના સન ૧૯૬૪-૬૫ના હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૧૧. વાહન વ્યવહાર મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનના સન ૧૯૬૪-૬૫ના વાર્ષિક હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૧૨. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું :—

સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૧૩ સન ૧૯૬૬નું ગાંધીનગર વિકાસ અને મકાન બાંધકામ નિયંત્રણ (સુધારા) વિધેયક.

૧૩. સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક ૧૫ સન ૧૯૬૬નું ગુજરાત રાજ્ય જામીનગીરી (સુધારા) વિધેયક, ની પહેલા વાચન પરની ચર્ચા અધૂરી રહી.

૧૪. તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

### મંગળવાર, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૬૬

૧. બીજી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૪૬૦૩, ૧૩૦૧૪, ૧૪૭૮૭, ૧૪૮૦૫, ૧૫૦૧૪, ૧૫૦૨૬, ૧૪૯૦૧, ૧૫૦૭૮, ૧૪૯૪૧, ૧૪૯૭૯, ૧૪૮૯૨, ૧૪૯૮૩, ૧૫૦૬૬, ૧૫૦૮૭, ૧૪૮૩૦, ૧૪૯૧૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૪૭૫૫, ૧૪૪૬૧, ૧૪૮૮૬, તેમજ સમયના અભાવે પ્રશ્ન ક્રમાંક ૧૪૫૯૩, ૧૪૮૧૪, ૧૪૮૮૪, ૧૪૯૮૦, ૧૪૮૨૫ તેમજ ૧૫૦૪૫ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. વિ. સ. સ. શ્રી કિરિટસિંહ ઠાકોરે નિયમ ૧૧૬ અન્વયે, રાજ્યના ઠાસરા તાલુકા સહિત જુદા જુદા વિસ્તારોમાં ડાંગર તથા અન્ય પાકોને જીવાત પડવાને કારણે થયેલી અસર અને સરકારે તે અંગે લીધેલાં પગલાં તરફ ખેતીવાડી વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ખેતીવાડી વિભાગના મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. નાણાં મંત્રીશ્રીએ સૌરાષ્ટ્ર કોઓપરેટીવ સ્પિનિંગ મિલ્સ લિ. ને સરકારે આપેલી બાંયધરી ની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૪. ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય નાણાંકીય કોરપોરેશનનો સન ૧૯૬૫-૬૬નો વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૫. ગૃહ નિર્માણ મંત્રીશ્રીએ ગૃહ નિર્માણ મંડળના સન ૧૯૬૪-૬૫ના હિસાબ અને તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૬. જાહેર બાંધકામ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૩-૬૪નો અહેવાલ અને કમિશનની સલાહ જે કિસ્સાઓમાં સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવાનાં કારણો દર્શાવતી યાદી વિચારણામાં લેવામાં આવે. ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ બાંધકામ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૭. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો એકત્રીસમો અહેવાલ ગૃહે મંજૂર કર્યો.

૮. નાયબ ગૃહ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત તકેદારી પંચનો સન ૧૯૬૪-૬૫-નો અહેવાલ તથા પંચની સલાહના સ્વીકાર બાબતની યાદી વિચારણામાં લેવામાં આવે. ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ નાયબ ગૃહ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

## બુધવાર, તા. ૭મી સપ્ટેમ્બર, ૧૯૬૬

૧. ત્રીજી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૪૯૮૫, ૧૫૦૪૪, ૧૪૧૩૧, ૧૪૫૭૪, ૧૪૬૭૮, ૧૫૦૨૫, ૧૪૮૦૭, ૧૪૯૧૩, ૧૫૦૭૯, ૧૪૫૦૩, ૧૫૧૮૬, ૧૪૭૮૯, ૧૪૮૯૪, ૧૫૧૧૧, ૧૪૯૭૩, ૧૪૮૪૨, ૧૪૮૬૧, ૧૫૦૭૩, ૧૫૦૬૫ તેમજ ૧૪૭૧૬ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૪૫૮૬, ૧૫૦૫૨, ૧૪૯૨૬, તેમજ ૧૪૬૮૫ અતારાંકિત ગણવામાં આવ્યા.

બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થયો હતો :—

૧૪૬૫૪, ૧૪૬૬૧, ૧૪૭૫૩, ૧૪૭૭૦, ૧૪૮૫૩, ૧૪૮૫૪, ૧૪૮૬૫, ૧૪૯૯૮, ૧૫૦૦૭, ૧૫૦૧૫, ૧૫૦૪૨, ૧૫૦૮૯, ૧૫૧૪૪, ૧૫૧૪૭, ૧૫૧૪૮, ૧૫૧૫૧, ૧૫૨૦૬, ૧૫૨૩૧, ૧૫૨૩૫, ૧૫૨૪૫, ૧૫૨૬૪, ૧૫૨૬૯, ૧૫૨૭૦, ૧૫૨૭૧, ૧૫૨૮૪, ૧૫૩૦૫, ૧૫૩૦૮, ૧૫૩૫૭ તેમજ ૧૫૩૬૩.

૨. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ નિયમ ૧૧૬ અન્વયે, અનંત મિલ સહિત અમદાવાદની કેટલીક મિલો બંધ થવાની શકયતા ઉભી થવાથી કામદારો માટે ઉપસ્થિત થતી પરિસ્થિતિ નિવારવા રાજ્ય સરકારે લીધેલ પગલાં તરફ મજૂર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મજૂર મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. નાણા મંત્રીશ્રીએ સન ૧૯૬૬-૬૭ના ખર્ચના પૂરક પત્રકમાં જેને માટે પૂરક માગણી-ઓના સમાવેશ કર્યો નથી તેવી આકસ્મિક ખર્ચ નિધિમાંથી તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ સુધી મંજૂર થયેલી પેશગીઓ દર્શાવતું વિવરણ પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂકયું.

૪. મુખ્ય મંત્રીશ્રીએ પરિસીમન પંચના તા. ૨૨મી માર્ચ, ૧૯૬૬નો આદેશ ક્રમાંક-૬ અને તેમાં સુધારા કરતા તા. ૧૬મી જુલાઈ, ૧૯૬૬ અને તા. ૧૦મી ઓગષ્ટ, ૧૯૬૬ના અનુક્રમે આદેશ ક્રમાંક ૬અ અને ૬બ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

૫. વિ. સ. સ., શ્રી ટીટાભાઈ હઠીલાનો સંકલ્પ ક્રમાંક ૫૩ સભ્યશ્રીની ગેરહાજરીને કારણે લઈ શકાયો નહિ.

૬. વિ. સ. સ., શ્રીમતી ડાહીબેન રાઠોડે સંકલ્પ રજૂ કર્યો કે ભારત સરકાર દ્વારા આદિવાસી વિસ્તારમાં આદિવાસી ઘટકોના ટ્રાઈબલ બ્લોકની યોજના ચાલે છે. આ વિસ્તારના હળપતિઓ આદિવાસી હોવા છતાં તેઓનો ધંધો ખેત મજૂરીનો હોવાથી તેમને ખેડૂતોની વસતિવાળાં ગામોમાં રહેવાનું હોય છે. તેવાં ગામોમાં રહેવા છતાં તેમની દશા જંગલોમાં વસતા આદિવાસીઓ કરતાં કોઈપણ રીતે સારી નથી. આ સંજોગોમાં હળપતિ વિસ્તારોને ટ્રાઈબલ બ્લોકની યોજનાનો લાભ આપવા હળપતિઓની ૨૦,૦૦૦ જેટલી વસતિવાળા બ્લોક ચૂંટી કાઢી તેવા સઘળા બ્લોકમાં ટ્રાઈબલ બ્લોક યોજનાના ઘટકો આપવામાં આવે અને તે માટે ભારત સરકારે મંત્રણા કરીને ઘટતાં પગલાં લેવાં આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ.

ચર્ચા બાદ સંકલ્પ ગૃહની પરવાનગીથી પાછો ખેંચી લેવામાં આવ્યો.

૭. વિ. સ. સ., શ્રી રમણલાલ ના. પટેલે સંકલ્પ રજૂ કર્યો કે સુરત જિલ્લાનું વિભાજન કરી વલસાડ જિલ્લો બનાવવામાં આવેલ છે. તો હવે એ બંને જિલ્લાઓનું વિભાજન કરી ત્રીજો નવસારી જિલ્લો બનાવવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ.

ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી રમણલાલ પટેલે આપ્યો. ત્યારબાદ તેમણે વિભાજનની માગણી કરી. તરફેણમાં ૧૯ અને વિરૂધ્ધમાં ૫૭ મત પડતાં સંકલ્પ નામંજૂર કરવામાં આવ્યો.

૮. વિ. સ. સ., શ્રી પ્રતાપરાય શાહે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યના જે વિસ્તારોમાં સ્લમ કલીયરન્સની યોજનાઓ ચાલુ હોય ત્યાં ટેકનીકલ માણસોના અભાવે આવી યોજનાઓનો પૂરતો લાભ મળી શકતો નથી. તેથી આવી યોજનાનો પૂરેપૂરો લાભ મળી શકે તે માટે આ સ્લમ કલીયરન્સની યોજનામાં સહાયભૂત થવા માટે ટેકનીકલ માણસો પૂરા પાડવાની વ્યવસ્થા કરવા માટે આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ.

ચર્ચા બાદ ગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૯. વિ. સ. સ., શ્રી નારણદાસ પોપટે સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યમાં અનેક સ્થળોએ સહકારી સંસ્થાઓમાં નાણાકીય ગોટાળા, ઉચાપત અને અન્ય ગેરરીતિ તથા અનિયમિતતા જોવામાં આવતી હોઈ આવાં અનિષ્ટો અટકાવવા અને સહકારી સંસ્થાઓ વર્તમાન રાષ્ટ્રીય કટોકટીના સમયમાં કાર્યક્ષમ અને વિશુધ્ધ વહીવટવાળી બને તે માટે જરૂરી તપાસ કરી યોગ્ય સૂચના કરવા આ વિધાનસભાના સભ્યોની એક સમિતિ નીમવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ. શ્રી નારણદાસ પોપટે આપ્યો. ત્યારબાદ તેમણે વિભાજનની માગણી કરી. તરફેણમાં ૧૪ અને વિરૂધ્ધમાં ૫૪ મત પડતાં સંકલ્પ નામંજૂર કરવામાં આવ્યો.

૧૦. વિ. સ. સ., શ્રી મનમોહનદાસ દેસાઈની ગેરહાજરીને કારણે સંકલ્પ ક્રમાંક -૮૭ લઈ શકાયો નહિ.

## સોમવાર, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૬૬

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૫૯૬૦, તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ મુલતવી રહેલો પ્રશ્ન ક્રમાંક ૧૪૫૬૮, તા. ૭મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ મુલતવી રહેલો પ્રશ્ન ક્રમાંક ૧૫૦૬૩ તેમજ ચોથી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૪૨૩૩, ૧૪૮૮૧, ૧૫૧૧૫, ૧૪૮૭૬, ૧૪૮૭૦, ૧૪૬૩૯, ૧૪૭૩૮, ૧૫૦૯૨, ૧૫૧૧૭, ૧૫૧૩૮, ૧૫૨૯૮, ૧૪૯૮૪, ૧૪૯૧૯, ૧૫૨૭૨ તેમજ ૧૫૨૯૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૫૦૬૭, ૧૪૭૬૦, ૧૪૧૫૦, ૧૪૯૨૮, ૧૫૩૨૮, ૧૪૦૫૫, ૧૫૦૬૧, ૧૪૭૫૭, ૧૫૧૫૪ તેમજ ૧૫૦૬૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૪૭૬૬નો અંશત: જવાબ આપવામાં આવ્યો અને ત્યારબાદ મુલતવી રાખવામાં આવ્યો.

૨. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ, નિયમ ૧૧૬ અન્વયે, રાજ્યમાં વરસાદની ખેંચ અને ક્રુડ ઓઈલનો પૂરતો પુરવઠો વેળાસર મળી રહે તે અંગે સરકારે લીધેલ તાકીદનાં પગલાં તરફ ખેતીવાડી મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. ખેતીવાડી વિભાગના નાયબ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. નાણા મંત્રીશ્રીએ પૂરક માગણીઓ અંગેની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી. હિસાબના મુખ્ય સદરો "૩૧-ખેતી" તેમજ "૯૨-ક્યુ. રાજ્ય સરકાર તરફથી લોન અને પેશગીઓ" અન્વયેની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી, પૂરક માગણીઓ પર ચર્ચા થઇ. ચર્ચા બાદ પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી.

૪. હિસાબનાં મુખ્ય સદરો "૫૦-રાજ્ય બાંધકામો," "૯૮-બહુલક્ષી નદી યોજનાઓ અંગે કેપિટલ ખર્ચ", "૯૯-સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલના કામો અંગે કેપિટલ ખર્ચ "(વાણિજ્યક) તેમજ "૧૦૦-સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો અંગે કેપિટલ ખર્ચ" (બિનવાણિજ્યિક) અન્વયેની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી. વિ. સ. સ., શ્રી નારણદાસ પોપટે "૫૦-રાજ્ય બાંધકામો" અંગેની પૂરક માગણી પર બે કાપ દરખાસ્તો તથા "૯૮ બહુલક્ષી નદી યોજનાઓ અંગે કેપિટલ ખર્ચ", "-૯૯-સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો અંગે કેપિટલ ખર્ચ (વાણિજ્યિક) તેમજ "૧૦૦ સિચાઈ નૌપરિવહન બંધ અને પાણી નિકાલનાં કામો અંગે કેપિટલ ખર્ચ" (બિનવાણિજ્યક) નીચે એક કાપ દરખાસ્ત રજૂ કરી. ત્યારબાદ પૂરક માગણીઓ તથા ત્રણ કાપ દરખાસ્તો પર એક સાથે ચર્ચા થઈ. ચર્ચા બાદ ત્રણે કાપદરખાસ્તો નામંજૂર થઇ ત્યારબાદ પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી.

## મંગળવાર, તા. ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૬૬

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૫૯૬૯, ૧૫૯૮૫ તેમજ પાંચમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૫૩૨૩, ૧૫૩૪૧, ૧૪૭૫૨, ૧૪૮૩૪, ૧૪૮૬૨, ૧૫૨૯૨, ૧૫૧૮૩, ૧૪૭૪૨, ૧૪૯૮૧, ૧૫૨૦૯, ૧૪૮૬૩, ૧૫૩૦૦, ૧૪૯૯૯, ૧૫૦૩૨ તેમજ ૧૪૯૪૯ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૪૯૦૫, ૧૫૧૧૨, ૧૫૧૧૬, ૧૫૩૪૬ તેમજ ૧૪૯૧૪, તેમજ સમયને અભાવે પ્રશ્ન ક્રમાંક ૧૫૧૮૨ તેમજ ૧૫૧૩૨ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૫૧૯૦નો અંશત: જવાબ આપવામાં આવ્યો અને મુલતવી રાખવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક ૧૫૩૧૩ તેમજ ૧૪૭૮૧ મુલતવી રાખવામાં આવ્યા.

ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી, જેમાં નીચે જણાવેલા ક્રમાંકના પ્રશ્નો અને ઉત્તરોનો સમાવેશ થતો હતો :—

૧૪૫૫૫, ૧૪૭૦૦, ૧૪૭૭૬, ૧૪૭૮૪, ૧૪૭૯૦, ૧૪૮૧૦, ૧૪૮૧૭, ૧૪૯૯૬, ૧૫૦૯૫, ૧૫૧૨૨, ૧૫૧૪૬, ૧૫૧૪૯, ૧૫૧૫૨, ૧૫૨૦૫, ૧૫૨૩૪, ૧૫૨૩૯, ૧૫૨૮૩, ૧૫૨૯૫, ૧૫૩૦૨, ૧૫૩૪૨, ૧૫૩૫૬, ૧૫૩૬૨, ૧૫૩૬૭, ૧૫૩૭૬, ૧૫૪૪૪, ૧૫૪૬૫, ૧૫૪૭૩, ૧૫૪૯૩, ૧૫૪૯૪ તેમજ ૧૫૫૦૫.

૨. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ નિયમ ૧૧૬ અન્વયે મોરબી લખધીરસિંહજી અન્જિનિયરીંગ કોલેજ-હોસ્ટેલમાં પીવાના ચોખ્ખા પાણીની અપૂરતી વ્યવસ્થાને કારણે તાજેતરમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓમાં ફેલાયેલો ટાઈફોઈડનો રોગ અને તેમાંથી નિપજતી ગંભીર પરિસ્થિતિ નિવારવા સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. આરોગ્ય મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. હિસાબના મુખ્ય સદર "૨ -પોલીસ" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. પૂરક માગણી પર ચર્ચા થઈ. પૂરક માગણી મંજૂર કરવામાં આવી.

૪. જાહેર હિસાબ સમિતિના સભ્ય, વિ. સ. સ યુવરાજ શ્રી મનોહરસિંહજી જાડેજાએ જાહેર હિસાબ સમિતિનો આઠમો અહેવાલ રજૂ કર્યો.

૫. હિસાબના મુખ્ય સદર " ૪-સહકાર" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. પૂરક માગણી પર ચર્ચા થઈ. પૂરક માગણી મંજૂર કરવામાં આવી.

૬. હિસાબના મુખ્ય સદર "ક્યુ- સરકાર તરફથી લોન અને પેશગી (જાહેર બાંધકામ વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ કરવામાં આવી. પૂરક માગણી પર ચર્ચા શરૂ થઈ.

૭. નિયમ ૨૩૪ (૪) અન્વયે સાંજે ૪--૦૦ વાગ્યે ઉપર દર્શાવેલ પૂરક માગણી તેમજ બાકીની બધી પૂરક માગણીઓ ગૃહ સમક્ષ એક પછી એક મત માટે મૂકવામાં આવી અને તે કંઈપણ ચર્ચા વગર મંજર કરવામાં આવી.

૮. તા. ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

### બુધવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૬.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૫૯૭૧, તા. ૫મી સપ્ટેમ્બર ૧૯૬૬ના રોજ મુલતવી રહેલો પ્રશ્ન ક્રમાંક ૧૪૬૮૦, તેમજ છઠ્ઠી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૫૨૧૪, ૧૫૨૬૦, ૧૫૨૯૦, ૧૪૯૬૯, ૧૫૨૦૧, ૧૫૨૮૨ (છેલ્લા બન્ને સાથે), ૧૫૩૩૩, ૧૫૪૨૩, ૧૪૫૨૪, ૧૪૭૫૬, ૧૫૩૨૪, ૧૪૪૬૦, ૧૫૩૦૧, ૧૫૨૧૦, ૧૪૭૬૧, ૧૫૨૯૮, ૧૪૮૪૬, ૧૫૨૦૨ તેમજ ૧૪૮૫૧ના જવાબ આપવામાં આવ્યા.

તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૬૬ના રોજ મુલતવી રહેલો પ્રશ્ન ક્રમાંક ૧૪૭૬૬ તેમજ છઠ્ઠી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૪૭૬૯, ૧૪૯૨૦ તેમજ ૧૫૦૮૬ સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે અતારાંકિત ગણવામાં આવ્યા.

Hb—1008—(3)—375—11—66

સમયને અભાવે પ્રશ્ન ક્રમાંક ૧૫૨૦૮ અતારાંકિત ગણવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક ૧૪૬૮૪ મુલતવી રાખવામાં આવ્યો.

૨. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ, નિયમ ૧૧૬ અન્વયે, છેલ્લા થોડા માસથી તેલના ભાવોમાં સતત વધારાને રોકવાની સરકારની નિષ્ફળતામાંથી ઉત્પન્ન થતી પરિસ્થિતિ અને તેને નિવારવા સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. ખાતરી સમિતિના પ્રમુખ, શ્રી ઈશ્વરલાલ ગુ. દેસાઈએ ખાતરી સમિતિનો નવમો અહેવાલ રજૂ કર્યો.

૪. અંદાજ સમિતિના પ્રમુખ શ્રી, ચંદ્રશંકર ભટ્ટે પ્રસ્તાવ રજૂ કર્યો કે અંદાજ સમિતિનો તેરમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ અંદાજ સમિતિના પ્રમુખશ્રી ચંદ્રશંકર ભટ્ટે આપ્યો.

## ગુરૂવાર, તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬

૧. સાતમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૫૩૧૯, ૧૫૪૨૯, ૧૪૪૮૪, ૧૫૦૫૩, ૧૫૩૮૦, ૧૫૪૭૭, ૧૫૧૫૫, ૧૫૩૨૨, ૧૪૫૮૧, ૧૪૯૪૦, ૧૫૧૬૯, ૧૪૯૮૮, ૧૪૯૦૬, ૧૫૨૬૨, ૧૪૯૯૩, ૧૫૧૪૦, ૧૫૪૩૨, ૧૪૮૪૯ તેમજ ૧૪૯૦૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૪૭૪૯, ૧૪૭૨૨, તેમજ ૧૫૧૦૪ અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયને અભાવે પ્રશ્ન ક્રમાંક ૧૪૮૫૦ તેમજ ૧૫૦૯૭ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૫૨૮૭ મુલતવી રાખવામાં આવ્યો.

૨. વિ. સ. સ., શ્રી બિપિનચંદ્ર ભટ્ટને વર્તમાન પ્રધાનમંડળમાં અવિશ્વાસ જાહેર કરતો પ્રસ્તાવ રજૂ કરવા માટે ગૃહની પરવાનગી મળી.

૩. વિ. સ. સ., યુવરાજશ્રી મનોહરસિંહજી જાડેજાને રાજકોટ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી સામે વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરવાની ગૃહની પરવાનગી મળી અને તે પ્રશ્ન વિશેષાધિકાર સમિતિને સોંપવામાં આવ્યો.

૪. વિ. સ. સ., શ્રી બિપિનચંદ્ર ભટ્ટે નિયમ ૧૧૬ અન્વયે, રૂપિયાના અવમૂલ્યનને કારણે રોજીંદી ચીજ વસ્તુઓમાં ભાવ વધારો અને નફાખોરી અટકાવવા અને સ્થાનિક માલની કૃત્રીમ અછત ટાળવા રાજ્ય સરકારે લીધેલાં પગલાં તરફ પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. પુરવઠા મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૫. નાણા મંત્રીશ્રીએ સરકારે તા. ૮મી ઓગષ્ટ ૧૯૬૬ના રોજ આપેલી બાંયધરીની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૬. બાંધકામ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત વિદ્યુતમંડળનું સન ૧૯૬૫-૬૬નું પૂરક વાર્ષિક નાણાકીય વિવરણપત્રક (અંદાજ) અને સન ૧૯૬૬--૬૭નું વાર્ષિક નાણાંકીય વિવરણપત્રક વિચારણામાં લેવામાં આવે. વિવરણપત્રક પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ બાંધકામ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૭. ઉદ્યોગ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનનું સન ૧૯૬૪--૬૫નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ ઉદ્યોગ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૮. વિ. સ. સ., યુવરાજશ્રી મનોહરસિંહજી જાડેજાએ, નિયમ ૧૧૨ અન્વયે, સૌરાષ્ટ્ર સહિત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ચણા, ચણાની દાળ અને વેસણની તીવ્ર અછત, અછતના સંજોગોમાં થયેલી નફાખોરી અને તેને પહોંચી વળવામાં સરકારની નિષ્ફળતાને લીધે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી.
ચર્ચાનો જવાબ પુરવઠા મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૯. તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

## શુક્રવાર, તા. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૬૬

### સવારની બેઠક

૧. જાહેર હિસાબ સમિતિના સભ્ય, શ્રી ગોકળદાસ પરમારે પ્રસ્તાવ રજૂ કર્યો કે જાહેર હિસાબ સમિતિનો આઠમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ જાહેર હિસાબ સમિતિના સભ્ય, શ્રી ગોકળદાસ પરમારે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

### બપોરની બેઠક

૧. વિ. સ. સ., શ્રી છોટાભાઈ પટેલે, નિયમ ૧૧૬ અન્વયે, અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની સરહદમાં તેમજ તેના વિસ્તાર બહાર ગ્રીન બેલ્ટથી સીટી અને દશક્રોઈ તાલુકાના ખેડૂતોને અન્યાય થતો દૂર કરવા સરકારે લીધેલાં કે વિચારણા હેઠળનાં પગલાંઓ બાબત મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. મહેસૂલ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૨. શિક્ષણ મંત્રીશ્રીએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના કમિશનરનો બારમો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૩. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં :—

(૧) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૫, સન ૧૯૬૬નું ગુજરાત રાજ્ય જામીનગીરી (સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૪, સન ૧૯૬૬નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત રાજ્યમાં મુદત વધારો) વિધેયક.

(૩) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૮, સન ૧૯૬૬નું મુંબઈ તાલુકદારી સત્તા પ્રકાર નાબૂદી (સંશોધન) વિધેયક.

(૪) સન ૧૯૬૬નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૦, સન ૧૯૬૬નું મુંબઈ મનોરંજન કર તથા જાહેર ખબર કર (ગુજરાત સંશોધન) વિધેયક.

**સોમવાર, તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૬૬**

